# 30

**મહીસાગર અને સુરત જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

***15/4/1691 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા)**: માનનીય અન્ન. નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને સુરત જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઇસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | કબજે લીધેલ જથ્થો | | |
|---|---|---|---|
| | જણસી | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂ.પૈસા) |
| મહીસાગર | ૦ | ૦ | ૦ |
| સુરત | ઘઉં | ૬૧,૬૩૫ | ૯,૩૫,૬૭૩ |
| | ચોખા | ૪,૩૭,૪૯૦ | ૧,૦૯,૧૪,૮૦૧ |
| | કુલ | ૪,૯૯,૧૨૫ | ૧,૧૮,૫૦,૪૭૪ |

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં ૪૦ ઇસમો સંડોવાયેલા છે.

(૩) ઉકત ૪૦ ઇસમો સામે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. જે પૈકી

(૧) ૧૨ ઇસમો સામે પીબીએમ (પ્રીવેન્શન ઓફ બ્લેક માર્કેટીંગ) એક્ટ હેઠળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૨) ઉપરોક્ત પૈકી ૮ દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

૧. રાજયસાત કરવામાં આવેલ જથ્થાની કુલ રકમ – રૂ.૧,૮૮,૦૧૦/–

૨. પરવાના મોકુફ –૦૩

૩. પરવાના રદ – ૦૩

૪. પરવાના અનામત રાજયસાત – રૂ.૧૭,૫૦૦/–

૫. દંડ – રૂ.૧૬,૭૫,૩૯૭/–